રેપોરેટ ૦.૨૫ ટકા વધશે : લોન મોંઘી થશે

મુંબઈ,તા.૧૭

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર અને ઉદ્યોગજગતમાં રાહ જોવામાં આવી રહી છે તે રિઝર્વ બેંકની મધ્ય ત્રિમાસિક પોલીસી સમીક્ષા આવતીકાલે બુધવારના દિવસે જારી કરવામાં આવનાર છે. પોલીસી સમીક્ષામાં રિઝર્વ બેંક વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવાની તૈયારીમાં છે. આવી સ્થિતિમાં લોન મોંઘી થવાના સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. મોટાભાગના બેન્કર્સ અને અર્થશાસ્ત્રીઓ નિશ્ચિતપણે માની રહ્યા છેકે રિઝર્વ બેંકતેના રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરશે. ઓદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો થયો હોવા છતાં બેન્કર્સ માને છે કે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન પાસે ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. ઈક્વિટી અને ફોરેન એક્સચેન્જ માર્કેટ બંનેમાં હાલમાં નિરાશાજનક સ્થિતિ પ્રવર્તી રહી છે. આરબીઆઈ તરફથી રેપોરેટ વધારવાના સંકેત અગાઉ પણ આપવામાં આવી ચૂક્યા છે. નવેમ્બર મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ફુગાવો ૧૪ મહિનાની ઊંચી સપાટી ઉપર પહોંચી ગયા બાદ રેપોરેટમાં વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. નવેમ્બર મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૭.૫૨ ટકા થઈ ગયો છે. સપ્ટેમ્બર ૨૦૧૨ બાદ તેમાંસૌથી ઝડપથી ઉછાળો

આવ્યો છે. આ વર્ષે ઓક્ટોબરમાં ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો સાત ટકા હતો. સપ્ટેમ્બરમાં ૬.૪૬ ટકા હતો. આરબીઆઈ પાસે અન્ય વિકલ્પો ઉપર વિચારણા કરવા સિવાય કેટલાક એવા પાસાં છે જેને લઈને તેઓ ચિંતિત છે. મોંઘવારીને લઈને આરબીઆઈ બિલકુલ સ્પષ્ટ છે. અર્થતંત્રમાં માંગનું દબાણ લાવનાર નોનફૂડ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્શન ફુગાવો ૨.૬ ટકાની નીચી સપાટીએપહોંચી ગયો છે. આના કારણે ખાવાપીવાની ચીજવસ્તુમાં મોંઘવારી વધુ વધશે જેથી રેપોરેટમાં વધારો નિશ્ચિત છે. આરબીઆઈના ગવર્નર સંકેત આપી ચૂક્યા છે કે ફૂડ પ્રાઈઝ ઊંચી હોવાના પરિણામ સ્વરૂપે પુરવઠો ઓછો રહ્યો છે. ફુગાવો વધ્યો છે પરંતુ રેપોરેટમાં વધારો થશે.જુદા જુદા નિષ્ણાંતો સાથે વાતચીત પણ કરવામાં આવી ચૂકી છે. મોટાભાગના જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે રઘુરામ રાજન રેપોરેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરશે. ૪થી સપ્ટેમ્બરના દિવસે આરબીઆઈના ગવર્નર તરીકેનો હોદ્દો સંભાળી લીધા બાદથી રેપોરેટમાં બે વખત ૨૫ પૈસાનો વધારો કરવામાં આવી ચૂક્યો છે. ગયા વર્ષે જીડીપી ગ્રોથ રેટ એક દશકની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

બહુચર્ચિત લોકપાલ બિલ અંતે રાજ્યસભામાં પસાર

નવી દિલ્હી,તા. ૧૭

ભ્રષ્ટાચારની સામે કઠોર જોગવાઈ ધરાવતા બહુચર્ચિત લોકપાલ બિલને આજે રાજ્યસભામાં પસાર કરી દેવામાં આવતા છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો હતો. રાજ્યસભામાં મૌખિક મતથી લોકપાલ બિલને પસાર કરી દેવામાં આવ્યુ હતુ. બિલમાં સરકારી કર્મચારીઓની સામે કાર્યવાહીની મંજુરીનો અધિકાર લોકપાલને આપવામાં આવ્યો છે સાથે સાથે આ કાયદો લાગૂ થવાના એક વર્ષની અંદર રાજ્યોમાં લોકાયુક્તની રચના કરવાની સૂચના આપવામાં આવી છે. આ કાયદો અમલી બની ગયા બાદ ૪૦થી ૫૦ ટકા સુધી ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે. આજે રાજ્યસભામાં આ બિલ રજુ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તમામ સરકારી સુધારાઓને મૌખિક મતથી સ્વીકારી લેવામાં આવ્યા હતા જો કે ડાબેરી પાર્ટીઓના સભ્યો દ્વારા લાવવામાં આવેલા સુધારાઓને મતવિભાજન મારફતે ફગાવી દેવામાં આવ્યા હતા. રાજ્યસભામાં પસાર થઈ ગયા બાદ આ બિલને ફરીથી લોકસભામાં લાવવામાં આવશે. લોકસભા આને

પહેલાથી જ પસાર કરી ચુકી છે પરંતુ નવા સરકારી સુધારાના પરિણામ સ્વરૂપે બિલ પર ફરી લોકસભાની મંજુરી લેવામાં આવશે. લોકસભામાં આ બિલ બુધવારના દિવસે પાસ કરી દેવામાં આવે તેવી શક્યતા છે. આજે ભાજપ, ડાબેરી પક્ષો અને બહુજન સમાજ પાર્ટી સહિતના મોટાભાગના પક્ષોએ લોકપાલ બિલનું સમર્થન કર્યુ હતુ અને આશા વ્યક્ત કરી હતી કે દેશમાં ભ્રષ્ટાચારને દૂર કરવામાં આનાથી મદદ મળશે. રાજ્યસભામાં લોકપાલ બિલ પર ચર્ચા હાથ ધરતા કાયદા પ્રધાન કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે સરકારે આ સંદર્ભમાં પસંદગી સમિતિની મોટા ભાગની ભલામણોને સ્વીકારી લીધી છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં કઠોર કાયદાને અમલી બનાવવામાં આવે તે જરૂરી છે તેમ તેમણે કહ્યુ હતુ.

દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ : વિમાની સેવા ઠપ

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હી અને એનસીઆરમાં સતત બીજા દિવસે ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. છેલ્લા બે દિવસથી ધુમ્મસના કારણે પરિવહનને



ભારે અસર થઈ છે. આજે સવારે પણ ધુમ્મસના કારણે ઘણા અકસ્માતો થયા હોવાનું જાણવા મળ્યું છે.બીજી બાજુ ૧૦૦થી વધારે ફ્લાઈટો અને અનેક ટ્રેનો મોડેથી રવાના થઈ હતી જેથી મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા હતા. ધુમ્મસના લીધે યમુના એક્સપ્રેસ ઉપર બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી જેમાં એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. આજે સવારે દિલ્હી વિમાની મથકે વિઝિબિલીટી ઝીરો મીટર સુધી પહોંચી ગઈ હતી જેથી તમામ ઓપરેશન ઠપ થઈ ગયા હતા. આના કારણે ૧૦૦ ફ્લાઈટોને અસર થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીથી બહાર જતી ૩૮ સ્થાનિક ફ્લાઈટો અને દિલ્હીમાં આવનારી ૧૧ ફ્લાઈટો મોડી પડી હતી. રેલવેને પણ માઠી અસર થઈ હતી.

આશરે ૭૩ ટ્રેનો ત્રણ કલાકથી પણ મોડે દોડી રહી છે. છ કલાકથી વધુ સમય સુધી વિમાની યાત્રીઓ વિમાનમાં જ અટવાયેલા રહ્યા હતા. એર ઈન્ડિયાની દિલ્હી-ન્યૂયોર્ક ડ્રીમ લાઈનરના લોકોને રાત્રે ભારે પરેશાની થઈ હતી. તેઓને આઈજીઆઈ વિમાની મથક ઉપર છ કલાકથી વધુ સમય સુધી વિમાનમાં જ રહેવાની ફરજ પડી હતી. આ યાત્રીઓ રવિવારે મોડી રાત્રે વિમાનમાં બેસી ગયા હતા પરંતુ આ વિમાને સવારે છ વાગે ઉડાણ ભર્યું હતું.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે ૧૬ કલાકની ઊંડાણ ભરતા પહેલાં છેલ્લી મેડીકલ ચકાસણી દરમિયાન એક પાઈલોટ અસ્વસ્થ દેખાયો હતોજેથી વિમાને ઊંડાણ ભરી ન હતી. ત્યારબાદ અન્ય એક પાઈલોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. નિયમ મુજબ અમેરિકા જતા વિમાનોના યાત્રીઓની ખૂબ સારી રીતે ચકાસણી કરવામાં આવે છે જેથી યાત્રીઓને વિમાનથી નીચે ઉતરવાની મંજૂરી અપાઈ ન હતી જેથી યાત્રીઓ ભારે પરેશાન દેખાયા હતા.

દેવયાની પ્રત્યે ખરાબ વર્તનથી ભારત લાલઘૂમ

ન્યૂયોર્ક,નવીદિલ્હી, તા.૧૭

ન્યૂયોર્ક વિઝા છેતરપિંડી અને સ્થાનિક નોકરાની સાથે આર્થિક શોષણ કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવેલા ભારતીય ડિપ્લોમેટ દેવયાની ખોબરાગડેની તમામ વસ્ત્રો ઉતારીને ચકાસણી કરવાની બાબત સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. એટલું જ નહીં તેમને પોલીસ સ્ટેશનમાં સેક્સ વર્કરો, અપરાધીઓ અને શરાબી લોકોની સાથે ઊભા રાખવામાં આવ્યા હતા. તેમની અન્ય ચકાસણી પણ કરવામાં આવી હતી. દેવયાની ખોબરાગડેની ગયા સપ્તાહમાં વિઝા છેતરપિંડીના આરોપમાં ધરપકડ કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૯૯ની બેચના ભારતીય વિદેશ સેવાના અધિકારી દેવયાની એ વખતે પોતાની પુત્રીને સ્કૂલ મૂકવા જઈ રહ્યા હતા ત્યારે જ પોલીસે તેમને રોકી લીધા હતા અને ધરપકડ કરીને જાહેરમાં હાથકડી પણ પહેરાવી હતી. પોલીસને દેવયાનીએ એમ પણ કહ્યું હતું કે તે ભારતીય રાજદૂત છે પરંતુ પોલીસે તેમની સાંભળી ન હતી, ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસ સ્ટેશનમાં તેમની સાથે ખરાબ વર્તન કરાયું હતું. મોડેથી અઢી લાખ ડોલરના બોન્ડ બાદ તેમને જામીન આપવામાં આવ્યા હતા. ભારત દ્વારા જોરદાર નારાજગી વ્યક્ત

કરવામાં આવ્યા બાદ અમેરિકાએ ભારતીય ડિપ્લોમેટ દેવયાનીની સાથે ચકાસણી દરમિયાન કરવામાં આવેલા ખરાબ વર્તનને યોગ્ય ઠેરવીને કહ્યુ છે કે તેમની ચકાસણી દરમિયાન સ્ટાન્ડર્ડ પ્રોસિજર અપનાવવામાં આવી હતી. અમેરિકી વિદેશ મંત્રાલયના નાયબ પ્રવક્તા મારે હર્ષે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુકે ડિપ્લોમેટિક સિક્યુરિટી વિદેશ મંત્રાલયની હદમાં આવે છે. દેવયાનીની ધરપકડમાં યોગ્ય ધારા ધોરણ પાળવામાં આવ્યા હતા. ન્યૂયોર્કમાં ભારતની ૩૯ વર્ષીય ડેપ્યુટી કાઉન્સિલ જનરલ દેવયાનીના વસ્ત્રો ઉતારીને કરવામાં આવેલી ચકાસણી અને તેમની ધરપકડ બાદ તેને શરાબી લોકો સાથે રાખવામાં આવ્યા હતા તેવા પ્રશ્નના જવાબમાં અમેરિકાના વિદેશ મંત્રાલયના નાયબ પ્રવક્તાએ આ મુજબની સ્પષ્ટતા કરી હતી. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યુ હતુ કે દેવયાનીના ડીએનએ સ્વાબ લેવામાં આવ્યા હતા. મારીએ કહ્યુ હતુકે ડિપ્લોમેટિક સિક્યુરિટીના લોકોએ અમારી વ્યવસ્થા સાથે સંબંધિત નિયમો પાળ્યા છે જેને તેઓ ડિપ્લોમેટ્સ માટે નિયમ તરીકે ગણાવે છે. બીજી બાજુ અમેરિકી માર્શલ દ્વારા દેવયાનીની સાથે કરવામાં આવેલા અમાનવિય વર્તનના આરોપના સંદર્ભમાં જણાવવામાં આવ્યુ છે કે ડિપ્લોમેટિક સિક્યુરિટી વિભાગે દેવયાનીને તેમને સોંપી હતી.

સંઘ-ભાજપની મિટીંગમાં નવા વ્યૂહ ઉપર ચર્ચા થઈ

આમ આદમી પાર્ટી સામે ભાવિ નવી રણનીતિ પર પણ ચર્ચા કરાઈ : મોદી, જેટલી, સુષ્મા, રાજનાથ ઉપસ્થિત

નવી દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપ અને આરએસએસના લીડરોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતીજેમાં ભાજપના વરિષ્ઠ નેતા એલ કે અડવાણી ઉપસ્થિત ન રહેતા ફરી એકવાર તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. નવી પાર્ટી હાઈકમાન્ડના ઉદયને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે. અડવાણીની ગેરહાજરી સૂચક દેખાઈ રહી હતી. સંઘના ટોચના નેતાઓ ભાજપના નેતાઓ

સાથે ડીનર ઉપર ઉપસ્થિત થયા હતા. સંઘ તરફથી સુરેશ ભૈયાજી જોષી અને સુરેશ સોની ઉપસ્થિત રહ્યા હતા.જ્યારે ભાજપ તરફથી પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, પક્ષ પ્રમુખ રાજનાથસિંહ, બંને ગૃહોમાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી હાજર રહ્યા હતા. સંસ્થાના ઈન્ચાર્જ રામલાલ પણ આમા ઉપસ્થિત રહ્યા હતા. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટી ઉપર તેમના પ્રહારો હવે કઈ રીતે વધારે તીવ્ર બનાવવામાં આવે તેના ઉપર પણ ચર્ચા કરવામાં આવીહતી. આમ આદમી પાર્ટીના કારણે દિલ્હીમાં ભાજપની સીધી જીત અટકી ગઈ હતી. ભાજપના નેતાઓ કબૂલાત કરી રહ્યા છે કે તેઓએ આમ આદમી પાર્ટીની અવગણના કરીહતી પરંતુ નવા સંગઠન સાથે કોઈપણ જોડાણની શક્યતાને નકારી દીધી છે. વૈચારિક મતભેદોની વાત કરવામાં આવી છે. એએપી નેતાઓના મત જુદા રહેલા છે. સૂત્રોનું કહેવું છે કે ભાજપના નેતાઓ તમામ પાસાં ઉપર નજર રાખી રહ્યા છે. નવી પાર્ટીની ગણતરી ઉપર નજર છે.

હ્યુન્ડાઈ કાર જાન્યુઆરી માસથી મોંઘી થઈ જશે

નવી દિલ્હી,તા.૧૭

હ્યુન્ડાઈ મોટર્સ ઈન્ડિયા લિમિટેડ જાન્યુઆરીથી તેના તમામ મોડલ પર ૨૦હજાર રૂપિયા સુધીનો વધારો કરવાની તૈયારીમાં છે. ડોલર સામે રૂપિયાની ઘટતી જતી કિંમત અને ફુગાવાના પ્રવાહના કારણે તમામ કાર કંપનીઓને તેમની કારની કિંમતોને વધારવાની ફરજ પડી રહી છે. અન્ય કાર કંપનીઓ પણ ભાવ વધારાની જાહેરાત કરી ચૂકી છે. ૫ હજારથી લઈને ૨૦ હજાર સુધીનો ભાવ વધારો કરવામાં આવશે. એક નિવેદનમાં કંપનીએ કહ્યુ છેકે કિંમતમાં વધારાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવી ચુક્યો છે. હ્યુન્ડાઈ મોટર્સ ઈન્ડિયા લિમિટેડ ભારતમાં તેની લોકપ્રિય સેન્ટ્રો, આઈટેન, સેડાન વરના, સોનાટા જેવી કાર વેચે છે જેની કિંમત ૨.૮૯ લાખથી લઈને ૨૬.૬૯ લાખ વચ્ચેની છે. અન્ય કાર કંપની મારૂતિ સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, તાતા મોટર્સ, મર્સીડિઝ, બીએમડબલ્યુ, ઓડી અને હોન્ડાએ પણ તેની કાર કિંમતો વધારવાની જાહેરાત કરી છે.

સજાતીય સેક્સ : સુપ્રીમના ચુકાદાને આરએસએસનું સમર્થન

નવી દિલ્હી,તા.૧૭

સજાતીય સેક્સ સંબંધોના મામલામાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આને લઈને ભારે હોબાળો

મચેલો છે. જુદા જુદા પક્ષો પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એકબાજુ કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં નિરાશા વ્યક્ત કરી છે. બીજી બાજુ ભાજપે સુપ્રીમ કોર્ટના આદેશની તરફેણ કરી છે અને ટેકો આપ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહના નિવેદન બાદ હવે આરએસએસ દ્વારા પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં પોતાની પ્રતિક્રિયા આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને આરએસએસએ ટેકો આપ્યો છે. સુપ્રીમે ગયા સપ્તાહમાં કહ્યું હતું કે સજાતીય સેક્સ સંબંધો ગુના સમાન છે. પુખ્તવયના લોકો વચ્ચે મંજૂરીથી સેક્સ સંબંધો પણ અયોગ્ય છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને ભાજપ પ્રમુખ રાજનાથસિંહે ટેકો આપ્યો હતો. આરએસએસના પ્રવક્તા રામ માધવે હવે કહ્યું છે કે આ મુદ્દે ભાજપના ભાગરૂપે અમે વલણ અપનાવતા નથી પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદાને અમારો ખુલ્લે ટેકો છે. ઈન્ડિયન પીનલ કોર્ડની કલમ ૩૭૭ના સંદર્ભમાં પણ આરએસએસ પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી. રામ માધવે કહ્યું હતું કે અમે રાજનાથસિંહના મત સાથે સહમત છીએ. રામ માધવે એવી દલીલોને ફગાવી દીધી હતી કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો સજાતીય સમુદાયના મૂળભૂત અધિકારો ઉપર પ્રહાર છે. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે મૂળભૂત અધિકારોનો કોઈ ભંગ થતો નથી.

સજાતીય સેક્સને અમે કુદરતી સેક્સ તરીકે પણ અમે ગણતા નથી. તેમને ઉમેર્યું હતું કે રાજકીય પક્ષોએ આ સંદર્ભમાં ચર્ચા કરીને સજાતીય સેક્સ સંબંધોને અપરાધમાંથી દૂર કરવા નિર્ણય લેવો જોઈએ. અથવા તો સુપ્રીમના ચુકાદાને ટેકો આપવો જોઈએ. રામમાધવે કહ્યું હતું કે અમારું વલણ બિલકુલ સ્પષ્ટ છે. સરકારે હાલમાં તમામ વિકલ્પો ખુલ્લા રાખ્યા છે. સરકાર પાસે ૨૦મી ડિસેમ્બરના દિવસે સંસદ સત્ર પૂર્ણ થઈ ગયા બાદ સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઉથલાવી દેવા વટહુકમ લાવવાનો અધિકાર રહેલો છે. જો કે ભાજપ અને સમાજવાદી પાર્ટીએ કલમ ૩૭૭ના સંદર્ભમાં તીવ્ર રજૂઆત કરી છે.

ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ શરૂ થશે

જોહાનિસબર્ગ,તા.૧૭

જોહાનિસબર્ગના વાન્ડર્સ મેદાન પર ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલથી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. વન-ડે શ્રેણી ગુમાવી દીધા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા આફ્રિકાને જોરદારજવાબ આપવા માટે સજ્જ છે. જો કે ભારતીય ટીમમાં આ વખતે અનુભવી ખેલાડીઓ દેખાઈ રહ્યા નથી જેથી તમામ નવા સ્ટાર ખેલાડીઓની આફ્રિકાના ઝડપી બોલર સામે કસોટી થશે.

ભારતની વિકેટ ઉપર શાનદાર દેખાવ કરી ચૂકેલા તમામ બેટ્સમેનોની અહીં અગ્નિ કસોટી થશે. વિરાટ કોહલી, રોહિત શર્મા, શિખર ધવન, મુરલી વિજય, ચેતેશ્વર પૂજારા, મહેન્દ્રસિંહ ધોનીની અહીં કસોટી થનાર છે. સચિન તેંડુલકરની ગેરહાજરીમાં ભારતીય ટીમ પ્રથમ વખત ટેસ્ટ ક્રિકેટમાં મેદાનમાં ઉતરશે. સચિનની ગેરહાજરીમાં ભારત કેવો દેખા કરી શકે છે તેમાં તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. રાહુલ દ્રવિડ, સચિન તેંડુલકર, વીવીએસ લક્ષ્મણ જેવા આધાર સ્તંભ હવે ટીમ પાસે નથી જેથી શિખર ધવન, વિરાટ કોહલી ઉપર તમામની નજર રહેશે. યુવા ખેલાડીઓ ઉપર દબાણ પણ વધારે રહેશે. વાન્ડર્સની વિકેટ ઝડપી બોલરો માટે હમેશા ઉપયોગી સાબિત થાય છે.

આફ્રિકા તમામ ઝડપી બોલરો સાથે મેદાનમાં ઉતરવા માટે ઈચ્છુક છે. આ મેદાન ઉપર ભારત અને આફ્રિકા વચ્ચે પ્રથમ વન-ડે મેચ રમાઈ હતી જેમાં આફ્રિકાની ટીમ પાંચ ઝડપી બોલર સાથે મેદાનમાં ઉતરી હતી અને ભારતની કારમી હાર થઈ હતી. વાન્ડર્સમાં પીચ બાઉન્સવાળી દેખાઈ રહી છે. પીચ ઉપર ગ્રાસ કવર હોવાના લીધે ભારતની ચિંતામાં વધારો થયો છે. ૨૦૦૬-૦૭માં ભારતે અહીં શાનદાર જીત મેળવી હતી પરંતુ એ વખતે ભારત પાસે ચાર સ્ટાર ખેલાડીઓ હતા જેમાં સચિન, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી અને વીવીએસ લક્ષ્મણનો સમાવેશ થાય છે.

દિલ્હી બાદ અન્ય રાજ્યોમાં આમ આદમી પાર્ટી પાંખ ફેલાવવા તૈયાર

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ આમ આદમી પાર્ટી અન્ય રાજ્યોમાં પણ તેની પાંખ ફેલાવવા માટે ઝડપથી કામ કરી રહી છે. મળેલી માહિતી મુજબ જુદાજુદા રાજ્યોમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો હવે નેટવર્કને ફેલાવવામાં સક્રિય

બનેલા છે. જાન્યુઆરી ૨૦૧૨માં આમ આદમી પાર્ટીના જન્મ બાદ ૨૨ રાજ્યોમાં આમ આદમી પાર્ટી તેની હાજરી પુરાવી દીધી છે. તેના કાર્યકરોની સંખ્યા ૧૨.૫ લાખથી ઉપર પહોંચી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ રાજ્યો પૈકી ઘણા રાજ્યોમાં આમ આદમી પાર્ટી નોંધાયેલી પાર્ટી તરીકે અસ્તિત્વ ધરાવતી નથી પરંતુ કાર્યકરોને ભેગા કરવામાં આવી રહ્યા છે. કર્ણાટકમાં પાર્ટી ૧૮ જિલ્લાઓમાં યુનિટો ધરાવે છે જેમાં પાંચ મોટા શહેરો, બેંગ્લોર, મહેસૂર, મેંગલોર, હુબલીનો સમાવેશ થાય છે. ૧૨ હજાર જેટલા નોંધાયેલા સભ્યો છે. હરિયાણામાં ૨૧ જિલ્લાઓ પૈકી ૧૮માં તેની ઓફિસો છે. ઉત્તર પ્રદેશમાં પણ તેની ઓફિસો શરૂ કરાઈ છે. ઉત્તર પ્રદેશમાંથી તેના સિનિયર લીડરો પૈકીના ૧૧ લીડર છે જેમાં પ્રશાંત ભૂષણ (અલ્હાબાદ), મનીષ શિશોદિયા (હાપુર), સંજયસિંહ (સુલતાનપુર), કુમાર વિશ્વાસ (હાપુર)નો સમાવેશ થાય છે.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

કોઇ કોઇ ચેનલો પણ ત્રણ ચાર મહાનુભાવો ગરમાગરમ ચર્ચા કરતાં હતા. સરદારની કર્મશીલતા, રજવાડાંઓના એકત્રીકરણ અને ક્યાંક તેમના બાળપણના પ્રસંગો પરની ડોક્યુમેન્ટરી ચાલતી હતી. ગૌરવભાઇએ છાપાંઓ હાથમાં લીધાં તો તેમાં સરદાર વિષેનાં લેખોથી ભરપુર રંગીન પૂર્તિઓ જોવા મળી. શ્વેતશ્યામ અલભ્ય તસ્વીરો પણ હતી. પણ આમાં સાચા સરદાર ક્યાં? તેમના વિચારો અને કાર્યોની મુલવણી કરનાર લોકો કેવા હતા. ટી.વી. ચેનલોવાળાને ટી.આર.પી. વધારવાનો આ ખેલ માત્ર હતો. તો છાપાંઓ વાળાને સરદારની મહત્તમ જાહેરાતો મેળવી કમાઇ લેવાનો કીમિયો લાગતો હતો. સૌ કોઇ સરદારના નામેને વટાવીને રોકડી કરી લેવા માંગતા હોય તેવું ચારે તરફ વાતાવરણ સર્જાયું હોય તેમ લાગતું હતું.'

'પપ્પા શું વિચાર કરો છો? ક્યાં ખોવાઇ ગયા.'

'હા... હા.. ક્યાંક નહીં એ તો તેં જે પુછ્યું ને તેના જ વિચારમાં હતો.'

'તેમાં વિચાર શું કરવાનો. તમે મને જરા હીંટ આપો પછી બાકીનું હું સંભાળી લઇશ.'

'એટલે'

'એટલે એમ કે સરદાર વિષે સાચી અને ચોક્કસ માહિતી અને માર્ગદર્શન કોણ આપી શકે.'

'આપણે દાદાને પુછીને. તે કદાચ જાણતા હશે?'

'પપ્પા તેમનો ફોન તો મેં ક્યારનોય ટ્રાય કર્યો પણ સ્વીચ ઓફ આવે છે.'

'તો પછી મુશ્કેલ છે.'

'ના પપ્પા મુશ્કેલ કશું નથી. હું સર્ચ કરૂં છું. ઇન્ટરનેટ પર ક્યાંકથી કશુંક તો મળી જ જશે.'

'પણ તેમાં હોય તો મળે ને? સરદાર હંમેશા ઉપેક્ષિત જ રહ્યા છે.' ગૌરવભાઇએ નિરાશા સાથે કહ્યું.

'પપ્પા મેં સાંભળ્યું છે કે સરદાર ખેડૂત પુત્ર હતા. તો આપણે કોઇ ખેડૂતને પુછીએ તો.' સ્મિતે સ્મિત કરતાં પુછ્યું.

આ સાંભળી ગૌરવભાઇ હસી પડ્યા. પછી બોલ્યા.

'બેટા હવે ખેડૂતો પણ કાગળ ઉપર જ ખેડૂત રહ્યા છે. બાકી તો કોઇ બિલ્ડર બની ગયા છે કે જમીનના દલાલો થઇ ગયા છે.' બી.એમ.ડબલ્યુ જેવી મોંઘીદાટ ગાડીઓ રાખે છે. કોઇ ક્રિકેટનો સટ્ટો રમે છે તો કોઇએ શેરબજારમાં ઝંપલાવ્યું છે.

'પપ્પા તમારી વાત સાચી છે. મારા બે-ત્રણ ફ્રેન્ડઝ ખેડૂત છે. પણ તેમના અંકલ કે બ્રધર યુ.એસ. કે ઓસ્ટ્રેલિયા ઉપડી ગયા છે. ત્યાં મોટેલો ચલાવે છે ને ડોલર કમાય છે.' પણ મને લાગે છે કે પોલિટીશીયનો તેની પાછળ પડી ગયા છે. વોટ બેક ઉભી કરવા માટે તેમનો એ વજનદાર લાગ્યા હોવા જોઇએ.

'અલ્યા સ્મિત તું તારી આટલી નાની ઉંમરમાં ઘણું લાંબુ વિચારે છે હોં, આ બધી તને ખબર ક્યાંથી પડવા માંડી.'

'સર્ચ અને રીસર્ચ, પપ્પા, ગ્લોબલ બનો. ફેસબુક અને ટ્વીટર પર ટ્વીટ કરતાં શીખો. પછી જુઓ નોલેજની કેટલી વિન્ડો ખુલી જાય છે ને.'

'ઓહ! તારી ના... તો ફ્યી મને પુછવા શું કામ આવ્યો છે.'

'પણ મારે જે જોઇએ તે તેમાંથી મળતું નથી તેથી. તમારે કંઇક કરવું પડશે. કુછ સોચો પપ્પા' સ્મિતે કહ્યું અને તે બોર્નવીટા પીવા લાગ્યો.

- vanvihari@gmail.com

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

પ્રેમ હવા જેવો છે. એને જોઈ ન શકાય, માત્ર અનુભવી શકાય. પ્રેમ એ પ્રાણવાયુ છે, એના વિના જીવી પણ ન શકાય. જેને ઓક્સિજનની જરુર પડી હોય તેને હવાનું મહત્વ ખબર હોય. એ જ રીતે જેણે પ્રેમની અનુભૂતિ કરી છે, તેને જ એની મહત્તા, ગરિમા અને ગરવાઈ વિશે ખબર હોય. હવાનું જેમ કોઈ વર્ણન ન કરી શકાય, એમ જ પ્રેમ એ કોઈ વર્ણનની નહીં, પરંતુ અનુભૂતિની વાત છે. પ્રેમ ગુરુત્વાકર્ષણના નિયમને અનુસરે છે. પ્રેમ જ પ્રેમને આકર્ષે છે. પ્રેમ જ પ્રેમને સમજી શકે છે. પ્રેમ વાણી દ્વારા નહીં, વ્યવહાર દ્વારા વ્યક્ત થતો હોય છે. પ્રેમ શબ્દોની નહીં, આંખોની ભાષા સમજતો હોય છે. પ્રેમ એટલે લાગણી. પ્રેમ એટલે કાળજી. પ્રેમ એટલે માત્ર વરસતાં રહેવું.

પ્રેમ એટલે સ્ત્રી અને પુરુષથી પણ વિશેષ. માનો પ્રેમ દીકરો સમજી શકે છે અને બાપનો પ્રેમ દીકરી સમજી શકતી હોય છે. બહેન પોતાના ભાઈની સંવેદના સમજી શકતી હોય છે, તો ભાઈ પણ બહેનની આંખોને વાંચી શકતો હોય છે. પ્રેમ એટલે ફુદરતે લખેલી કવિતા. જે કાગળ ઉપર નહીં, આંખોમાં લખેલી હોય છે.

હૃદયનો પોકાર એટલે પ્રેમ. સંગીતની સૂરાવલિ એટલે પ્રેમ. મોગરાની મહેંક એટલે પ્રેમ. બંસરીનો નાદ એટલે પ્રેમ. દરરોજ સૂર્યોદય વેળાએ કળીની ફૂલ બનવાની ક્રિયા એટલે પ્રેમ. દૂર વગડે કોયલની કેકા અને મેનાનો રવ એટલે પ્રેમ. ગોધૂલિટાણે ધૂળની ઊડતી રજકણો એટલે પણ પ્રેમ. ઝરણાંનું સંગીત એટલે પ્રેમ અને દરિ